# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/059 Dt. 13/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# શાર્ક ટેન્ક ઇન્ડિયામાં પાર્ટીસિપેટ કરનાર મોહિત ગઢીયા અને પ્રિયા ગઢીયા સાથે SGCCI દ્વારા 'Social Media - A Tool for Economic Empowerment' વિષે સેમિનાર યોજાયો

## બે વર્ષ દરમ્યાન સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર ભારતમાં ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ઓનલાઇન ટેલરીંગ અને ડિઝાઇનીંગનું કામ શીખવાડનાર રાજા રાણી કોચિંગના દંપતિએ સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૦૯ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'Social Media - A Tool for Economic Empowerment' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં રાજા રાણી કોચિંગના સ્થાપક દંપતિ મોહિત ગઢીયા અને પ્રિયા ગઢીયાએ સુરતના ઉદ્યોગ સાહસિકોને બિઝનેસના ડેવલપમેન્ટ હેતુ સોશિયલ મિડિયાના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

SGCCIના ઉપ પ્રમુખ નિખિલ મદ્રાસીએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મિડીયા પ્લેટફોર્મ નાના વ્યવસાયોને એમ્પાવર કરવાનું કામ કરે છે. ખાસ કરીને મહિલા સાહસિકોને ઓનલાઇન વ્યવસાય શરૂ કરવા અને તેને વધારવા માટે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઘણા મદદરૂપ થયા છે. આશરે ૬૭ ટકાથી વધુ ભારતીય MSME ઉદ્યોગકારો માર્કેટીંગ માટે સોશિયલ મિડિયા

પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે, જેના થકી તેમની પ્રોડકટના વેચાણમાં ૪૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત જ્યારે MSMEનું હબ કહેવાય છે ત્યારે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ MSMEના ગ્રોથ માટે આશિર્વાદરૂપ સાબિત થયું છે.

રાજા રાણી કોચિંગના સ્થાપક દંપતિ, મોહિત ગઢીયા અને પ્રિયા ગઢીયાએ સુરતના ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, બિઝનેસના ડેવલપમેન્ટ હેતુ સોશિયલ મિડિયાના પ્લેટફોર્મ પર માત્ર બિઝનેસ સંબંધિત વ્યકિતને જ ટારગેટ કરવી જોઇએ. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર બિઝનેસ પ્રત્યેનું પ્રમોશન ઓર્ગેનિક અને અન ઓર્ગેનિક વેમાં થતું હોય છે, પરંતુ ઉદ્યોગ સાહસિકે પોતાના બિઝનેસનું પ્રમોશન હંમેશા ઓર્ગેનિક વેમાં જ કરવું જોઇએ. અન ઓર્ગેનિક વેમાં કરાયેલો બિઝનેસ લાંબો સમય ટકી શકતો નથી.

તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર કોઇ પણ પ્રોડકટની સેલીગ માટે કન્ટેન્ટ જુદુ હોય છે. જ્યારે રીલ, સ્ક્રીપ્ટ અને પોસ્ટ માટે અલગ કન્ટેન્ટની જરૂર પડે છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પરનું કન્ટેન્ટ ટિપ્સ અને ટ્રિકસ સાથે જોડાયેલું હોય છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર બિઝનેસ માટેના ફોલોઅર અને પ્રોફેશનલ ઓડિયન્સ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. આ ઉપરાંત તેમણે બિઝનેસમાં એમ્પાવર અને ઓનપાવર એ બંને બાબતો કેવી રીતે જુદી જુદી હોય છે તેના વિષે પણ જાણકારી આપી હતી.

મોહિત ગઢીયાએ કપડા અને ડિઝાઇનના બિઝનેસમાં નાની શરૂઆત એટલે સિલાઇ કામથી ઉદ્યોગ સાહસિકતા સુધીની સફરની વાત કરી હતી. મોહિતે તેમની ભાભી સાથે બુટીક સંભાળવાની શરૂઆત કરી હતી, પરંતુ તે સમયે તેમને ડિઝાઇનમાં ખાસ સમજ પડતી ન હોવાથી ભાભીએ આપેલી સલાહ મુજબ તેમણે સિલાઇ કામ શીખવાની શરૂઆત કરી હતી. ૭૦ મહિલાઓ વચ્ચે માત્ર એક પુરુષ તરીકે તેઓ સિલાઇનું કામ શીખ્યા હતા. હવે એ જ સિલાઇનું કામ તેઓ સોશિયલ મિડિયાના ઓનલાઇન પ્લેટફોર્મ પર દેશભરના વિદ્યાર્થીઓને શીખવી રહયા છે.

રાજા રાણી કોચિંગના આ દંપતિએ છેલ્લા બે વર્ષમાં આખા ભારતમાં ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને સિલાઇનું કામ શીખવી તેઓને આત્મનિર્ભર બનાવ્યા છે. આ દંપતિએ બિઝનેસના વધુ એકસપાન્શન હેતુ ફંડ રેઇઝ કરવા માટે શાર્ક ટેન્ક ઇન્ડિયામાં પાર્ટીસિપેટ કર્યું હતું. તેઓએ હવે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ કવાલિફાય થવા માટે એપ્લાય કર્યું છે. સુરત આવીને આ દંપતિ કપડા ડિઝાઇનીગના ક્ષેત્રમાં વધુ અભ્યાસ કરી રહયું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શૈલેષ દેસાઇએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની યુથ વીંગ કમિટીના ચેરપર્સન ડો. રિન્કલ જરીવાલાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. કો–ચેરપર્સન જિલ્પા શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રાજા રાણી કોચિંગના દંપતિએ સોશિયલ મિડિયાના ઉપયોગ સંદર્ભે ઉપસ્થિતોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.